ગાંધીનગર સમાચાર
તા. ૯-૪-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### નેતાઓની સુરક્ષા જડબેસલાક : સુરક્ષાદળો રામભરોસે

એક તરફ લોકસભાની સામાન્ય ચૂંટણીનું વાતાવરણ જામ્યું છે, રાજદ્વારી પક્ષોના નેતાઓના ઉડણખટોલાઓની ઘરઘરાટીથી આખું આકાશ ગાજતું રહે છે ત્યારે બીજી તરફ એ જ નેતાઓની સભાઓમાં ખલેલ પહોંચાડવા નકસવાલી તત્ત્વો સક્રિય બની ગયાં છે. નકસવાદીઓ આપણા જ દેશના પંથભૂલેલા અસંતુષ્ટ નાગરિકો છે, જે સરહદ પારની ચડવણીમાં આવી જઈ પોતાના જ દેશ-પ્રદેશમાં બેશુમાર ભાંગફોડ કરી આતંક ફેલાવી રહેલ છે. વિશેષપણે આ નકલવાદી તત્ત્વો બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ અને આંધ્ર-મહારાષ્ટ્રના સીમાવર્તી પ્રદેશોમાં સક્રિય છે. રામનવમીના પવિત્ર દિવસે જ બિહારના ઔરંગાબાદ જિલ્લાના અંતરિયાળ પંથકમાં આ ભાંગફોડિયાં તત્ત્વોએ લેન્ડમાઈન્સ બિછાવેલ હોઈ એને ડિફ્યુઝ કરવા પહોંચેલ સીઆરપીએફ ટુકડીના ત્રણ નવલોહિયા જવાનોએ જીવ ખોયો છે. સ્થળ પર સમયસર મેડિકલ સારવાર નહીં મળી શકી અને છેલ્લી મિનિટ લગી રાવ કરતા રહ્યા છતાં એમને હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે હેલિકોપ્ટર ન પહોંચી શક્યું એથી લોહી વહી જવાથી આ કીમતી જિંદગીઓ અકાળે બુઝાઈ ગઈ. એ પૈકી એક તો સીઆરપીએફનો નાયબ કમાંડર હતો. આ અધિકારી ઈન્દ્રજિતસિંહ અને અના સાથીઓ સતત વલવલતા રહ્યા, છતાં એમની વિનવણી કોઈએ કાને ધરી જ નહીં. વિવિધ ટીવીચેનલો પર પ્રસારિત કરાયેલ એક હૃદય દ્રાવક વિડિયોમાં દિલીપકુમાર નામનો સૈનિક ગદ્‌ગદ સ્વરે પોતાને બચાવી લેવાની વિનંતી કરતો દર્શાવાયો છે. ‘કોઈ મને બચાવી લો ભાઈ, મારે નાનાં નાનાં બાળકો છે. બે કલાક થઈ ગયા, છતાં કોઈ ડોક્ટર નથી આવ્યા, હેલિકોપ્ટર નથી આવ્યું, હું પાંચ-દસ મિનિટમાં મરી જઈશ, કોઈ મારા ડીજીને જાણ કરો. હું રાષ્ટ્રપતિને, વડાપ્રધાનને પણ વિનંતી કરું છું... મારે નાનાં નાનાં બાળકો છે-’ આખરે મોડું મોડું હેલિકોપ્ટર પહોંચ્યું ખરું પરંતુ ત્યાં સુધીમાં ડેપ્યુટી કમાંડર ઈન્દ્રજિતસિંહ સહિત ત્રણ જવાનોએ તો દમ તોડી દીધો હતો. દર્દભરી અરજૂ ગુજારનાર દિલીપકુમારને બચાવી શકાયો હોવાના સમાચાર છે. હેલિકોપ્ટર પહોંચ્યા પછી પણ ઘાયલ જવાનોને રાંચી લઈ જવા કે પટણા- એનો વિવાદ ચાલતો રહ્યો. ઘટનાસ્થળથી નજીકનું મોટું શહેર ગયા હતું. કોઈએ ઘાયલોને ગયા પહોંચાડવાનું ન વિચાર્યું! આ સ્થિતિ પ્રવર્તી રહી છે આપણા શાસન પ્રશાસનમાં, આવી બેકદરદાન લોકશાહીનો કોઈ અર્થ ખરો? નેતાઓની વીવીઆઈપી સલામતી પાછળ કરોડોનો ધુમાડો થતો રહે છે, અને એમની જડબેસલાક સુરક્ષા જાળવવા જીવનું જોખમ ખેડનાર સૈનિકોને રામભરોસે છોડી દેવાય છે. સૌને ખબર છે કે નકસલ પ્રભાવિત વિસ્તારોમાં ચૂંટણી તાકડે ભાંગફોડની ઘટનાઓ બનવાની છે. એ ન બને એટલા સારું સીઆરપીએફ જેવાં સુરક્ષાદળો દિવસરાત જાગતાં રહી જાહેર રસ્તાઓ અને સભાસ્થળો સહિત દરેક શંકાસ્પદ જગ્યા પર પહોંચી જઈ નકસલવાદીઓએ એમની જાળ બિછાવી હોય તો એનો વેળાસર ઉપાય કરતાં હોય છે. બિહારનો ઔરંગાબાદ જિલ્લો નકસલવાદીઓનો ગઢ ગણાય છે. અહીં જે ઘટનાનો ઉલ્લેખ કરાયો છે તેમાં લેન્ડ માઈન્સને ડિફ્યુઝ કરવા ગયેલ સીઆરપીએફની ટુકડીને વિસ્ફોટ થતાં જીવલેણ ઈજાઓ થઈ હતી. સમયસર તબીબી સારવાર મળી શકી હોત તો કદાચ એ જુવાન જિંદગીઓને બચાવી શકાઈ હોત. આપણું તંત્ર એવું નીંભર બેજવાબદારી અને અસંવેદનશીલ બની ગયું છે કે માણસની જિંદગીની એને મન કોઈ જ કિંમત નથી રહી.

# ઉત્તરવહી ગુમ થવાની ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરવાની માંગણી

## બોર્ડે લાપરવાહી દાખવનારની વિરૂદ્ધ કઠોર પગલા લેવા જોઇએ તેવી માંગ : બોર્ડ ઉપર પણ તપાસને લઇને દબાણ

અમદાવાદ, તા.૦૮

વડોદરાનાં હાલોલના જરોદ રોડ પાસે ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃતની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળી આવવાના પ્રકરણમાં હવે સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરવા માટે માંગ ઉઠવા પામી છે. વાલીઓની માંગ છે કે જો બોર્ડ ખરેખર સમગ્ર ઘટનાની તપાસ માટે ગંભીર હોય તો ઉત્તરવહીઓની સાચવણીમાં લાપરવાહી દાખવનારાને ખરેખર શિક્ષાત્મક પગલા ભરવા જોઈએ. આ માટે પાલા કેન્દ્રમાંથી ઉત્તરવહીઓ ભરેલી મીની બસ હાલોલ પાસે પહોંચી તે સમયની ઘટના દ્રશ્યનું જો રીકન્સ્ટ્રકશન કરે તો ૩૯ વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેંડા કરનારા કર્મચારી તથા અધિકારી સામે કડક પગલાં ભરી શકાય તેમ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭મી માર્ચના રોજ ધોરણ-૧૨ કોમર્સમાં સંસ્કૃત વિષયની પરીક્ષા લેવાઈ હતી. પરીક્ષા લેવાયાના એક અઠવાડીયા બાદ એટલે કે ૨જી એપ્રિલના રોજ વડોદરાના હાલોલના જરોદ રોડ પાસે ધોરણ-૧૨ સંસ્કૃતની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળી આવતાં સમગ્ર રાજ્યના શિક્ષણજગતમાં ભારે હોબાળો મચી ગયો હતો. ખાસ કરીને આખું વર્ષ ઉજાગરા સાથે મહેનત કરીને તૈયાર કરનારા વિદ્યાર્થીઓની કારકીર્દી સાથે ચેડા થતાં જ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે આક્રોશ છવાઈ ગયો છે. આ આક્રોશ વચ્ચે જ બોર્ડના ચેરમેન આર.આર. વારસાણી સમગ્ર પ્રકરણની તપાસ બોર્ડના પરીક્ષા સચિવ જી.ડી. પટેલને સોંપીને વહેલી તકે તેની તપાસ કરીને રિપોર્ટ સોંપવાનો આદેશ આપ્યો હતો. બોર્ડના ચેરમેનનો સીધો આદેશ બાદ તપાસ હાથમાં લેનારા બોર્ડના પરીક્ષા સચિવ જી.ડી. પટેલ માત્ર એક જ બાબતનું રટણ કરીને જણાવી રહ્યા છે કે, સંસ્કૃત વિષયની પરીક્ષા આપનાર અને ગેરહાજર વિદ્યાર્થીઓની યાદી મળી જાય તે પછી જ ઉત્તરવહીઓ અસલી-નકલી જાણી શકાય. આ સત્ય બહાર આવ્યા બાદ જ ઘટનામાં સંડોવાયેલા દોષીઓને સજા કરી શકાશે. આ બધી બાબતોમાં એક અઠવાડીયામાં સમય પસાર થઈ જશે, ત્યારે વાલીઓ માંગ કરી રહ્યા છે કે આ બનાવમાં પોલીસની જેમ જ જો બોર્ડના પરીક્ષા સચિવ કે અન્ય તપાસ અધિકારીઓ ઉત્તરવહીઓ લઈ જનાર ડ્રાઈવર, બોર્ડના કલાર્ક અને પોલીસ કર્મચારીને ઘટના સ્થળે લઈ જઈ મીની બસમાંથી કેવી રીતે ઉત્તરવહીઓ પડી તે ઘટનાનું રીકન્સ્ટ્રકશન કરવામાં આવે તો ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળી આવવાની સચ્ચાઈ બહાર આવી શકશે.

## હરિની દૃષ્ટિ...




*બહું થયું હવે, અમને ઝેડ પ્લસ સુરક્ષા આપવી પડશે...!!*
*હવે હુ આ હાથ હટાવીશ જ નહીં....!!*

# જી.આઈ.પી.એસ. સ્કૂલમાં સમર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૮

રાંધેજા ખાતેની ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૧૫ દિવસીય સમરકેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સમરકેમ્પમાં જોડાનાર વિદ્યાર્થીઓને પ્રાણાયામ, મેડીટેશન, રમતગમત, રીક્રીએશન રમતો, સંસ્કાર, રાઈફલ શુટીંગ, ડાન્સ, પર્સનાલીટી ડેવલપમેન્ટ, આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

# નોન-ક્રિમિલેયર સર્ટિનો ખર્ચ શિષ્યવૃત્તિ જેટલો જ થયો છે

## અનામતનો લાભ લેવાનું વિદ્યાર્થીઓ માટે મોંઘુ થયું : સમગ્ર પ્રક્રિયા ખુબ જટિલ હોવાથી વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ અને માટેનો લાભ મેળવી શકતા નથી : ઘણી અડચણો છે

અમદાવાદ, તા.૦૮

રાજ્યની મહત્વની શૈક્ષણિક યોજનાઓ, શિષ્યવૃત્તિ અને સ્પર્ધાત્મક પરીક્ષામાં અનામતનો લાભ લેવા માટે કઢાવવામાં આવતા નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટનો ખર્ચ શિષ્યવૃત્તિ જેટલો જ થતો હોવાથી વિદ્યાર્થીઓ આર્થિક ભારણથી તંગ આવી ગયા છે. ઉપરાંત નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ કઢાવવાની ખૂબ જટિલ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ અને શૈક્ષણિક યોજનાનો લાભ લઈ શકતા નથી. અન્યાયના સ્તર પર રચાયેલ આપણા સમાજમાં આજે પણ અનામતનો લાભ લેતા વર્ગ માટે તંત્રને શુગ છે. જેની સત્યતા નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ માટે શિષ્યવૃત્તિ જેટલો ખર્ચ અને અનામતનો લાભ મેળવવા ચક્રવ્યૂહ જેવી જટિલ પ્રક્રિયા સાબિતી પુરે છે.

વાત એમ છે કે રાજ્યની મહત્વની શૈક્ષણિક યોજનાઓ, શિષ્યવૃત્તિ અને સ્પર્ધાત્મક પરીક્ષામાં અનામતનો લાભ લેવા માટે વિદ્યાર્થીઓ નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ કઢાવે છે અને આ નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ મારફત શૈક્ષણિક યોજનાઓ અને શિષ્યવૃત્તિ મેળવે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ કઢાવવાનું આર્થિક શારીરિક રીતે મોંઘુ થયું જાય છે, કેમ કે તેના માટે બોગસ તંત્રની જટિલ પ્રક્રિયા જવાબદાર છે. દા.ત. અમદાવાદમાં રહેતા વિદ્યાર્થીની વાત કરીએ વિદ્યાર્થીઓ નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ કઢાવવું હોય તો સુભાષબ્રીજ સ્થિત કલેક્ટર કચેરીના જનસેવા કેન્દ્ર પરથી રૂા. ૬ ની સ્ટેમ્પ ટિકિટ સાથે ફોર્મ લેવાનું ફોર્મમાં વાલીનું એફિડેવીટ કરાવાનું. જનસેવા કેન્દ્રમાં એફિટેવીટની સુવિધા છે પરંતુ કચેરીમાં ભીડ અને અયોગ્ય વ્યવસ્થાના કારણે વિદ્યાર્થીઓ કચેરીમાં એફીડેવીટ કરાવતા નથી. જેથી વિદ્યાર્થીઓને નોટરી મારફતે કોર્ટમાં જઈ એફિડેવીટ કરાવવું પડે છે. ત્યારબાદ ફોર્મમાં તલાટીના પંચનામાના સહી-સિક્કા માટે જે તે વિસ્તારના તલાટી પાસે જવું પડે છે, જેમાં મુખ્યત્વે વિદ્યારથીઓને ત્રણથી ચાર વાર ધક્કા ખાવા બાદ તલાટી સાહેબ મળે છે અને સાક્ષીઓની હાજરીમાં ફોર્મમાં પંચનામું કરી આપે છે, ત્યારબાદ વિદ્યાર્થીએ ફોર્મ જમા કરાવવા માટે પાછા કલેક્ટર ઓફિસ જવું પડે છે, જ્યાં રૂા. ૨૦ ફી ભરી ફોર્મ જમા કરાવવું પડે છે અને છેલ્લા નોન-ક્રિમિલેયર સર્ટિફીકેટ લેવા માટે ન્યુ મેન્ટલ કમ્પાઉન્ડ સિવિલ હોસ્પિટલ જવું પડે છે.

કેમ કે સર્ટિફિકેટ લેવા માટે પણ તંત્રએ અલગ અલગ વિસ્તારમાં દૂર-દૂર વ્યવસ્થા બનાવી છે. આ સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીનો ૧૫૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનો ખર્ચ થઈ જાય છે અને સામે તંત્ર તરફથી માંડ ૧૮૦૦ થી ૩૦૦૦ સુધી શિષ્યવૃત્તિ પ્રાપ્ત થાય છે તેથી વિદ્યાર્થીઓને લાભ ઓછો અને હાલાકી વધારે ભોગવવી પડે છે.

તાજેતરમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે નોન-ક્રિમિલેયર મેળવનાર વિદ્યાર્થીઓ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે તંત્ર જાણીજોઈ નોન-ક્રિમિલેયર સર્ટિ માટે જટિલ અને ખર્ચાળ પ્રક્રિયા બનાવી છે જેથી અમે તેનો લાભ ન લઈ શકીએ જે અમારા સાથે ભેદભાવપૂર્ણ વ્યવહાર જેવી વાત છે. ખરેખર તંત્રએ અનામતનો લાભ લેતા વિદ્યાર્થીઓ માટે ખૂબ સરળ અને ઓછી ખર્ચાળ પ્રક્રિયા બનાવવી જોઈએ પરંતુ તંત્રની હાલની જટિલ અને ખર્ચાળ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓ અનામતનો સંપૂર્ણપણે લાભ લઈ શકતા નથી. અમુક વિદ્યાર્થીઓ બોગસ તંત્રના વાંકે સર્ટિફીકેટ કઢાવતા જ નથી. તંત્ર સૌનો સાથ સૌનો વિકાસ નારાની દરેક જગ્યાએ પીપુડી વગાડે છે પરંતુ અનામતનો લાભ લેતા વિદ્યાર્થીઓ સૌનો સાથ સૌનો વિકાસ મંત્રમાં સામેલ નથી.

### નોન-ક્રિમિલેયર સર્ટિ. ખર્ચ

| પ્રમાણ | ખર્ચ |
|---|---|
| ફોર્મ | ૬ |
| એફિડેવીટ | ૫૦૦ થી ૧૦૦૦ |
| નોન ક્રિમિ.સર્ટી. | ૨૦ |
| પરચૂરણ ખર્ચ | ૫૦૦ થી ૭૦૦ |

નોંધ : નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ માટે ચારથી પાંચ ધક્કા ખાવા પડતા હોવાથી રૂા. ૫૦૦ થી ૧૦૦૦ વધારાનો પરચૂરણ ખર્ચ વિદ્યાર્થીઓ પડે છે.

# સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલ સોલંકીના જીવન આધારિત પુસ્તકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના મહારાષ્ટ્ર ભવન ખાતે તા. ૨૯મી માર્ચે સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલ સોલંકીના જીવન પર આધારિત પુસ્તક ‘સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિક’નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ વિમોચન સમારોહમાં



શહેરના વડીલ સાહિત્યકાર દોલતભાઈ ભટ્ટ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આઝાદીની લડત માટે સને ૧૯૩૨ થી ૧૯૪૨ના સમયગાળામાં યોગદાન આપતા સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલ નાનજીભાઈ સોલંકીના જીવનસંઘર્ષ આધારિત પુસ્તક ‘સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિક’ના વિમોચનમાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલતભાઈ ભટ્ટ ઉપરાંત પાટનગર પ્રકાશના મંત્રી ભરત કવિ, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, કુંવરજી પટેલ, કે.બી. વ્યાસ, મનસુખલાલ સોલંકી, રોહિતકુમાર તથા દરેક સમાજના પ્રમુખ અને આગેવાનો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મોહનલાલ સોલંકીની તસ્વીરને ફુલહાર કરી અંજલી આપવામાં આવી હતી.

મોહનલાલ સોલંકીએ ગાંધીજીના સત્યાગ્રહમાં પ્રતિજ્ઞાપત્ર ભરી આઝાદીની લડતમાં જોડાયા હતા અને ભૂગર્ભ પ્રવૃત્તિઓ દ્વારા લડત ચલાવી હતી. તેમણે અહિંસક લડત, ઉપવાસ, સવિનય કાનુન ભંગ વગેરે સાથે સામાજિક બદીઓ દૂર કરવામાં પણ મહત્વનો ભાગ ભજવ્યો હતો. આ પુસ્તિકામાં તેમના ઐતિહાસિક પત્રો, તસવીરો અને અગત્યની જાણકારીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ‘ભણેલી સ્ત્રી પરમમિત્રરૂપ સુખ દુ:ખની વાતો કરવાની લહેજત વધારે છે ને દુ:ખ દૂર કરે છે’- નર્મદ

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

આજથી લગભગ દોઢસો વર્ષો પૂર્વે તેના સમયથી સો વર્ષ આગળનું વિચારનારો નર્મદ (૧૮૩૩થી ૧૮૮૬)નામનો ભાષા પુરુષ અને વિચાર પુરુષ જન્મ્યો. ભલે તે સૂરતમાં જન્મેલો પણ તેણે આખા રાજયની સુરત બદલવાનું મનથી નક્કી કરેલું. ગુજરાતી ભાષાને માતાની જેમ ચાહતો હતો, તેના માટે લડવાવાળો તે ‘વીર નર્મદ’ તરીકે ઓળખાયો. તેની પાસે સ્ત્રીઓ માટે કહેવાનું ઘણું હતું. તે પોતાની વાત તાર્કિક રીતે રજૂ કરતો. હવે નર્મદને સાંભળીએ... ‘જ્ઞાનબળથી આપણે બીજાં પ્રાણીઓ કરતાં ઊંચા છીએ. કેળવણીથી જ્ઞાનબળ પ્રાપ્ત થયા છે. માણસમાં સ્ત્રી-પુરુષ બંને છે. સ્ત્રીના હક ઘણા ખરા પુરુષ જેટલા જ છે. પુરુષોની માફક સ્ત્રી પણ કેળવણી લઈ શકે છે. માટે જેમ આપણે પુરુષ હક્ક સમજી કેળવણીથી જ્ઞાનબળ વધારીએ છીએ તેમ સ્ત્રી સહાયરૂપે આપણાં બળમાં વધારો કરે છે. ભણેલી સ્ત્રી પરમમિત્રરૂપે સુખદુખની વાતો કરવાની લહેજત વધારે છે ને દુ:ખ દૂર કરે છે. ભણેલી સ્ત્રી પ્રિયારૂપે રસભર્યું સુખ વધારે ને વધારે આપ્યાં કરે છે. જ્યાં રાજા અને પ્રધાન બંને ભણેલા અને સુઘડ હોય ત્યાં રાજાના ઉત્કર્ષ વિશે પૂછવું જ શું?’ જ્યાં કેળવણીથી સરખાપણું શોભતું હોય છે ત્યાં જ સ્ત્રી પુરુષનાં મન એક બીજા સાથે મળે છે.’

વૈશ્વિક બની રહેલ આપણે અમુક બાબતોમાં હજી ૧૮મી સદીમાં જીવી રહ્યા છીએ! જેમાં સ્ત્રીની સ્વતંત્રતા પણ સામેલ છે. સ્ત્રીને માતા, પુત્રી, બહેન, સહધર્મચારિણીરૂપે જોઈએ છીએ અને માન પણ આપીએ છીએ પણ એ જ સ્ત્રી જયારે પોતાના મનની નાનકડી ઈચ્છાને પ્રગટ કરે છે ત્યારે તેની સામે બધાની આંખો તકાઈ જાય છે. બધા તેના ઉપર શંકા કરવા લાગી જાય છે. ‘ક્વીન’- ફિલ્મમાં રાનીનું પાત્ર ભજવતી કંગના રેનોટ ભૂલથી કરેલ નશામાં બધા તેના ઉપર શંકા કરવા લાગી જાય છે કે ‘જાહેરમાં અમને ઓડકાર કે ડકાર ખાવાની પણ છૂટ નથી મળતી’ મતલબ કે કુદરતી ક્રિયાઓમાં કોઈની મંજૂરી લેવી જરૂરી છે! (આજે પણ ઘણા ગામડાઓમાં ખુલ્લામાં હાજતે જવા માટે પુરુષોના સમયથી અલગ સમયે સ્ત્રીઓએ જવું પડે છે.) સ્ત્રીની કુદરતી સંવેદનાઓને ‘અબળાના ’નામે કોચલામાંથી બહાર નીકળવાનાં માર્ગ ઉપર પુરુષોએ લીંપણ કરી નાખ્યું છે.

મહાન વ્યક્તિઓના જીવનની બાંધણી માતા દ્વારા થતી હોય છે. પળે પળે માતાનો સાથ બાળકને બાળપણમાં મળે છે. માતા જ તેને શિવાજી કે ગાંધીજીના પાઠ ભણાવે છે. રશિયામાં સામ્યવાદને મજબૂત બનાવનાર સરળ અને સિદ્ધાંતપ્રિય નેતા લેનિન ખૂબ જ ચોક્કસ અને પાઈપાઈનો હિસાબ રાખનાર નિષ્કલંક નેતા હતા. બાળકને સત્યનિષ્ઠા સાચા પાઠ ખરેખર ‘મા’ જ ભણાવી શકે છે. રશિયાના આ મહાન નેતાનાં જીવનની હરેક પળને પોષનાર તેને માતા હતી. આ જ લેનિન જગતમાંથી ગરીબીને હાંકી કાઢવાની નેમ લીધી હતી.

કેટલાક પ્રશ્નોમાં તાકાત હોય છે અને કેટલાક જવાબો લાજવાબ બની જાય છે. સ્ત્રીના અનેક સ્વરૂપ સમાજમાં જોવા મળે છે, પણ સ્ત્રી પોતે પણ એક કે બે સ્વરૂપની પૂજા કરવામાં તલ્લીન બની જવા ટેવાયેલી છે! સ્ત્રીનો સૌંદર્યવાદી પક્ષ ભલે તેની આસપાસ આંટા મારે પણ તેની નજર પેલા શાશ્વત અને પ્રેરણાદાયી જીવનને પણ જોવાનો પ્રયત્ન કરે તો તે પણ દેશની સેવાથી ઉતરતો નથી. વીસમી સદીમાં અમૃતા-શેર-ગીલ (૧૯૧૩-૧૯૪૧) હંગેરીયન માતા અને શીખ પિતાની લાડકવાયી પુત્રી હતી. જીવનના પ્રારંભનો તબક્કો હંગેરીમાં, પછી પેરિસમાં, પછી ભારતમાં, એમ કહી શકાય કે એમનું જીવન સતત આ પૂર્વ પશ્ચિમની આવન-જાવનના છાયા-પડછાયામાં પાંગર્યું. અલબત્ત, એમનું જીવન લાંબું નહોતું. ઓગણત્રિસમે વર્ષે તો મૃત્યુ પામ્યા. પન શાશ્વતીને સદાય યાદ રાખવા ગમે એનાં કેટલાક ઉત્તમ ચિત્રો એ આપતાં ગયાં. ભારત અને ભારતની કલા વિશે એમને પક્ષપાત હતો. એમની ચિત્રકલામાં ભારતથી વાસ્તવિકતાનો ધબકાર સંભળાય છે. તેમણે શ્રીમંતાઈનો ભરપૂર અનુભવ કર્યો, પણ ચિત્રો ભારતીય દરિદ્રનારાયણનાં કર્યા. અમૃતા ખૂબ વાંચતા, માતા સંગીતના શોખીન અને પિતા સંસ્કૃત, પર્શિયન તથા બીજી પાંચ ભાષાના જાણકાર હતાં. અમૃતાને સંગીતકાર બિથોવન માટે ભારે આદર હતો. એમની ખુમારી માટે અમૃતાને ભારે આદર હતો. બિથોવને રાજાને જોઈને હેટ નહોતી ઉતારી અને એમની આ બેઅદબી માટે પ્રશ્ન પુછાયો ત્યારે એણે જવાબ આપ્યો તે અમૃતાના આંતરહૃદયને સ્પર્શી ગયો. જવાબ આમ હતો...‘રાજાઓ તો આવશે અને જશે પણ બિથોવન તો અદ્વિતીય જ રહેવાનો.’ અમૃતાના કેટલાક અમર વાક્યો.

- વાસ્તવવાદી હોવા છતાંય હું કલાકાર છું અને મારું વલણ રોમેન્ટિક? તરફનું રહ્યું છે.

- ક્યારેક એવું બને છે કે મને કાર્ય કરવાનો જુસ્સો ચઢે છે અને પછી હું દિવસ અને રાત સતત કામ કર્યા કરું છું.

- તું એટલો પ્રમાણિક છે કે હું પ્રમાણિકપને કહું છું કે તારે લાયક નથી. આમાં કોઈ નમ્રતા નથી. હું એકથી વિશેષ વાર પુરવાર કરી આપું કે હું કલાકાર તરીકે લાયક છું. બરાબર છું. પણ વ્યક્તિ તરીકે નહીં. મારામાં અને મર્યાદાઓ છે અને એટલું તો હું જાણી ચૂકી છું કે મારામાં કશુંક વ્યક્તિ તરીકે ખૂટે છે. હું મારા અવગુણોથી કે નબળાઈઓથી કે મર્યાદાઓથી સભાન છું. એ જ એક મહત્વની વસ્તુ છે.

પગમાં ખૂંપી ગયેલો કાંટો અને મનમાં રોપાઈ ગયેલો સ્નેહ જલ્દી નીકળવાનું નામ નથી લેતો. કોઈ રાજા પણ પ્રેમનાં શાસન આગળ નતમસ્તક ક્યાં નથી બનતો. કોઈ ગુલામ તેની માશૂકા માટે ગુલામીને પણ ચાહતો રહે છે. કોઈ અગમ્ય શક્તિ છે આ પ્રેમ રસાયણમાં અને જીવ સટોસટની રમતમાં. એક વાત નક્કી કે એના ઝંઝાવાતમાં કોઈક બચી જાય, કે પછી ઘાયલ તો થાય જ..!

કેટલાક વડીલો પણ પ્રેમની વાર્તાઓને બધાની નજરથી બચીને વાંચી લેવાની ટેવાયેલા હોય છે. તેને આપણે શકની નજરે નહીં પણ સહજની નજરે જોવા જોઈએ. કારણ કે, તેનો બીજો અર્થ એ કે હજી પણ તેમનામાં ક્યાંક લાગણીને ભીનાશ અને સંબંધનું સરોવર ભરેલું છે. ખરેખર તો સ્વસ્થ સમાજની નિશાની એ છે કે તે વડીલ જુવાન દિકરા-દિકરીઓને જોડે બેસાડી વટબંધ તેમના સમયના કોઈ ‘સ્નેહબંધ’ને વર્ણવે.

જગતનો માલિક પણ ક્યાં કોઈને પૂરું સુખ આપી દે છે? કોઈને બનાવે છે ખૂબસુરત અને કોઈને બનાવે છે અને બસ, બનાવે છે! ‘ધનવાન’ સ્ત્રીનો માલિક દરીદ્ર હોય એના જેવી કોઈ કંગાલિયત નથી. કજોડાના વેશ જાહેરમાં તો કરતાલ કરે છે પણ તેની અંગત ક્ષણો ખૂબ કોલાહલ ઊભી કરનારી બની જાય છે. ક્યારેક તો માલકણ બની જાય છે ખુલ્લી આંખે સ્વપ્ન જોનારી અને માલિક બની જાય છે ફક્ત માલિક!

ગુણવંત શાહ સાચે જ કહે છે કે, ‘કૃષ્ણની આઠ રાણીઓ દુ:ખી થઈ હોય તેવું આપણી જાણમાં નથી, અને રામ એક પત્નિ વ્રત સ્વીકારીને પણ સીતાને ક્યાં પૂર્ણ સુખ આપી શક્યાં.’ આજની સ્ત્રીનો પ્રશ્ન છે તેના વ્યક્તિત્વ પાછળ છુપાયેલી અનેક પ્રશ્નાવલીઓનો. શા માટે તે કોઈની પાછળ જ ચાલે? શા માટે તે ઊંચા અવાજે ન બોલે? શા માટે તે એવું જ વિચારે જે તેના આસપાસનાં પરિઘમાંથી આવતું હોય? તે પણ હવે શિક્ષિત થઈને એક સ્વતંત્ર વિચાર ધારામાં વિહાર કરી શકે..

**અને છેલ્લે...**

ગઝલનો પહેલો શેર તું, તું ક્યાં?
થઈ ગઝલની સમાધિ, તું ક્યાં...